# Faculty of Law

## Saurashtra University

### University Campus, Rajkot-360005.

---

## :: LL.B.-SEM-6 ના વિદ્યાર્થીઓ માટે જર્નલ અંગે ખાસ સુચનાઓ ::

- **Practical Paper-I-Drafting, Pleading and Conveyance** માં ૯૦ માર્કસ જર્નલના તથા ૧૦ માર્ક્સ વાઈવાના રહેશે.
- **Practical Paper-II-Moot Court Exercise and Internship** માં ૯૦ માર્કસ જર્નલના તથા ૧૦ માર્કસ વાઈવાના રહેશે.
- દરેક વિદ્યાર્થીએ બ્લેક કલરની બોલપેનથી જ જર્નલ સ્વ-હસ્તાક્ષરમાં લખીને કોલેજમાં જમા કરાવવી ફરજીયાત છે. જર્નલમાં પેઈજની એક જ સાઈડ લખવું, બન્ને સાઈડ લખવું નહીં.
- સીનિયર વકીલ (૧૦ વર્ષ જુની સનદ ધરાવતા) ની હેઠળ ઇન્ટર્નશીપ (બાર કાઉન્સીલ ઓફ ઈન્ડિયાના નિયમ મુજબ) કરવી ફરજીયાત છે.
- અન્ડરટેકીંગમાં વકીલનો સનદ નંબર અને વેલ્ફેર નંબર લખવો.
- જે વકીલની અન્ડરમાં ઇન્ટર્નશીપ કરેલ હોય તે વકીલનું ઓરીજીનલ સર્ટીફીકેટ (લેટર હેડમાં) સહી-સિક્કા સાથે (બ્લુ સહીમાં) જોડવું ફરજીયાત છે સાથે વકીલશ્રીનો મોબાઈલ નંબર લખવાનો રહેશે.
- જર્નલમાં બધાજ ટોપીકનો (મુદ્દાઓનો) ઈન્ડેક્ષ બનાવી, પાનાં નંબર નાખવા. બધાજ ટોપીક ક્રમ અનુસાર લખવા જરૂરી છે. અધુરી જર્નલ સ્વીકારવામાં આવશે નહીં. બન્ને જર્નલમાં પાકા પુઠાનું અથવા સ્પાઈરલ બાઇન્ડીંગ કરવું.
- બન્ને જર્નલમાં માર્જિન ડાબી બાજુ ૧.૫" (દોઢ ઈંચ) તથા બાકીની ત્રણ બાજુ ૧.૦" (એક ઈંચ) જગ્યા છોડવી.
- બન્ને જર્નલની ફરજીયાત એક ઝેરોક્ષ કોપી કરાવવાની રહેશે. ઓરીજીનલ જર્નલ કોલેજમાં જમા કરાવવાની રહેશે તથા ઝેરોક્ષ કોપી વાઈવા આપવા આવતી વખતે વિદ્યાર્થીએ સાથે રાખવી ફરજીયાત રહેશે.
- બાર કાઉન્સીલ ઓફ ઈન્ડિયા અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના નિયમ મુજબ બન્ને પ્રેક્ટીકલ જર્નલ કોલેજમાં જમા કરાવવી ફરજીયાત છે. જે વિદ્યાર્થી સમયસર જર્નલ જમા નહીં કરાવે તે માટે વિદ્યાર્થી પોતે જ જવાબદાર રહેશે. જેની દરેક વિદ્યાર્થીએ ગંભીરતાપૂર્વક નોંધ લેવી.

**કોલેજમાં જર્નલ તથા પ્રેક્ટીકલ એકસરસાઈઝ જમા કરાવવાની તારીખ નીચે મુજબ છે.**

- તા. ૨૮-૦૨-૨૦૨૫ પહેલા કોલેજ સમય દરમ્યાન વિદ્યાર્થીએ રૂબરૂ ફરજીયાત જમા કરાવવાની રહેશે.

# PRACTICAL PAPER-I

## Drafting, Pleading and Conveyance

### (Gujarati Version)

### સિવિલ ડ્રાફટીંગ:

| | | | |
|---|---|---|---|
| (૧) | દાવાનું પ્લીડીંગ | ૧. | નોંન પેમેન્ટના મુદ્દા હેઠળ બોમ્બે રેન્ટ એક્ટ હેઠળ દાવા અરજી તૈયાર કરો. |
| | | ૨. | કરાર ભંગ સબબ નુકશાન વળતરની દાવા અરજી તૈયાર કરો. |
| (૨) | લેખીત જવાબ | ૩. | નોંન પેમેન્ટના રેન્ટના દાવામાં પ્રતિવાદી તરફેનો જવાબ તૈયાર કરો. |
| | | ૪. | કરાર ભંગ સબબ નુકશાન વળતરમાં પ્રતિવાદી તરફેનો જવાબ તૈયાર કરો. |
| (3) | વચગાળાની અરજી | ૫. | સી.પી.સી. ઓર્ડર-૩૯, રૂલ-૧ અને ૨ ની વચગાળાની મનાઈ હુકમની અરજી તૈયાર કરો. |
| (૪) | ઓરીજીનલ પીટીશન | ૬. | હેબીયસ કોર્પસની રીટ તૈયાર કરો. |
| (૫) | સોગંદનામું | ૭. | મેરેજ એફીડેવીટ તૈયાર કરો. |
| (૬) | એકઝીકયુટીવ પીટીશન | ૮. | કોઈપણ એક દરખાસ્ત અરજી તૈયાર કરો. |
| (૭) | અપીલ મેમોરેન્ડમ અને રીવીઝન | ૯. | કોઈપણ એક સીવીલ અપીલ તૈયાર કરો. |
| | | ૧૦. | સી.પી.સી. ઓર્ડર-૪૦ મુજબની રીસીવરની અરજી તૈયાર કરો. |
| (૮) | રીટ પીટીશન ભારતીય અનુચ્છેદ-૩૨ અને ૨૨૬ | ૧૧. | મેન્ડેમસની રીટ તૈયાર કરો. |

### ક્રિમિનલ ડ્રાફટીંગ:

| | | | |
|---|---|---|---|
| (૯) | ફોજદારી ફરીયાદ | ૧૨. | નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ હેઠળ ફરીયાદ તૈયાર કરો. |
| (૧૦) | અપીલ મેમોરેન્ડમ અને રીવીઝન | ૧૩. | ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૪૪ મુજબ પત્નિ તરફે ભરણપોષણની અરજી તૈયાર કરો. |
| | | ૧૪. | ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૩૧૬(૨) અને ૩૧૮(૪) મુજબની ફરિયાદ તૈયાર કરો. |
| | | ૧૫. | ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૪૮૩ હેઠળ ખુનના ગુના માટે જામીન અરજી તૈયાર કરો. |

**કન્વેન્યન્સ:**

| | |
|---|---|
| **(૧૬)** | વેંચાણ કરાર |
| **(૧૭)** | ખેતીની જમીનનો વેંચાણ દસ્તાવેજ |
| **(૧૮)** | રૂ. ૧૦,૦૦,૦૦૦/- નો ગીરો દસ્તાવેજ |
| **(૧૯)** | ભાડાચીઠ્ઠી ભાડુ માસીક રૂ. ૧૫,૦૦૦/- |
| **(૨૦)** | ભાગીદારી દસ્તાવેજ |
| **(૨૧)** | કુલ મુખત્યારનામું |
| **(૨૨)** | જાહેર નોટીસનો મુસદ્દો |
| **(૨૩)** | વસીયતનામું |
| **(૨૪)** | ભાડાપટ્ટો |
| **(૨૫)** | સ્થાવર - જંગમ મિલ્કતનો બક્ષીસ દસ્તાવેજ |
| **(૨૬)** | વચનચીઠ્ઠી |
| **(૨૭)** | સબ-રજીસ્ટ્રાર સમક્ષ છૂટાછેડાના દસ્તાવેજની નોંધણી |
| **(૨૮)** | ટ્રસ્ટ ડીડ |
| **(૨૯)** | લગ્ન નોંધણીનો દસ્તાવેજ |
| **(30)** | દત્તક વિધાનનો દસ્તાવેજ |

## English Version

**Civil Drafting:**

| | | |
|---|---|---|
| **(1)** | Plaint | 1. Draft a Civil suit to Non Payment of Rent under Bombay Rent Act.<br>2. Draft a Civil suit to for Breach of Contract. |
| **(2)** | Written Statement | 3. Draft a W.S. on behalf of defendant regarding the suit of non Payment of Rent.<br>4. Draft a W.S. on behalf of defendant regarding the suit ofDamages. |
| **(3)** | Interim Application | 5. Draft an application U/o. 39, Rule-1 and 2 for granting Interim Injunction. |
| **(4)** | Original Petition | 6. Draft a writ of Habeas Corpus. |
| **(5)** | Affidavit | 7. Draft a Marriage Affidavit. |
| **(6)** | Execution Petition | 8. Draft an anyone Execution Petition. |
| **(7)** | Appeal Memorandum and Revision | 9. Draft an anyone civil Appeal.<br>10. Draft an application of Receiver U/o. 40 of CPC. |
| **(8)** | Petition U/a 32-226 of Indian Constitution | 11. Draft a Writ of Mandamus. |

**Criminal Drafting:**

| | | |
|---|---|---|
| **(9)** | Complaint | 12. Draft a Criminal Complaint U/s.138 of Negotiable Instrument Act. |
| **(10)** | Appeal Memorandum and Revision | 13. Draft an Application U/s. 144 of The Bharatiya Nagarik Suraksha Sanhita Act, 2023 for granting wife's maintenance.<br>14. Draft a complaint U/s. 316(2) and 318(4) of The Bharatiya Nyaya Sanhita Act, 2023.<br>15. Draft a Bail Application on Regarding the offence of Murder U/s. 483 of The Bharatiya Nagarik Suraksha Sanhita Act, 2023. |

**Conveyance:**

| | |
|---|---|
| **(16)** | Sale Agreement |
| **(17)** | Sale Deed of Agriculture Land |
| **(18)** | Mortgage of Rs. 10,00,000/- |
| **(19)** | Rent Note (Rent per Month Rs. 15,000/-) |
| **(20)** | Partnership Deed |
| **(21)** | General Power of Attorney |
| **(22)** | Draft a Public Notice |
| **(23)** | Will |
| **(24)** | Lease Deed |
| **(25)** | Gift Deed of Movable and Immovable Property |
| **(26)** | Promissory Note |
| **(27)** | Divorce Deed |
| **(28)** | Trust Deed |
| **(29)** | Memorandum of Marriage |
| **(30)** | Adoption Deed |

# PRACTICAL PAPER-II

# MOOT COURT EXERCISE AND INTERNSHIP

**Topic: 1 Moot Court (Three Exercises & Arguments)** **(30 Marks)**

| | | |
|---|---|---|
| 1. | Moot Problem-1 | 10 Marks |
| 2. | Moot Problem -2 | 10 Marks |
| 3. | Moot Problem -3 | 10 Marks |

**Topic: 2 Observance and writing the proceedings of Trial in two cases**

**(30 Marks)**

**Observance of Trial in Two Cases One Civil and One Criminal**

| | | |
|---|---|---|
| 1. | One Civil Case | 15 Marks |
| 2. | One Criminal Case | 15 Marks |

**Topic: 3 Interviewing techniques, dialogues between Advocate & Clients and Pre-Trial preparations** **(30 Marks)**

**Interviewing Techniques and Pre-Trail Preparations**

| | | |
|---|---|---|
| 1. | Interviewing techniques | 15 Marks |
| 2. | Pre-trial preparations | 15 Marks |

**Viva –voce examination** **(10 Marks)**

# **Facts of the Case**
**(Gujarati Version)**

**Moot Problem-1**

**નવેમ્બર ૨૦૧૨માં**, એક રાજકીય નેતાના મૃત્યુને શ્રદ્ધાંજલિ અર્પિત કરવા માટે જાહેર કરાયેલા બંધના સમયે, **અનન્યા શર્મા**, ૨૦ વર્ષીય પત્રકારિતા વિષયની વિદ્યાર્થીની અને નેશનલ કોલેજ ઓફ મિડિયા સ્ટડીઝ મુંબઈમાં અભ્યાસ કરતી હતી, તેણે તેના સોશિયલ મીડિયા પ્રોફાઇલ પર નીચે મુજબ પોસ્ટ કરી:

"*કોઈના* મૃત્યુને શ્રદ્ધાંજલિ અર્પિત કરવા માટે શહેરની ગતિવિધિને *અવરોધિત શા માટે કરવાનું? નેતાને શ્રદ્ધાંજલિ તેમના કાર્યને ચાલુ રાખીને આપીએ, જીવન વ્યવહારને વિક્ષેપિત કરીને નહીં.*"

આ પોસ્ટ ઝડપથી વાયરલ થઈ ગઈ, અને તેને વ્યાપક સમર્થન અને વિવાદાસ્પદ પ્રતિસાદ બંને મળ્યા. રોહિત કુમાર, અનન્યાનો સહપાઠી અને યુનિવર્સિટીના ડિબેટ ટીમના સભ્ય, તે પોસ્ટને લાઈક કરીને પોતાના એકાઉન્ટ પર શેર કરી.

પ્રતિસાદમાં, રાજકીય સમર્થકો દ્વારા આ પોસ્ટને અવિનયી અને અપમાનજનક ગણવામાં આવી. સ્થાનિક પોલીસ દ્વારા ફરિયાદના આધારે એફઆઈઆર નોંધવામાં આવી અને ધી ઇન્ફોર્મેસન ટેકનોલોજી અધિનિયમ, ૨000 ની કલમ ૬૬-એ હેઠળ અનન્યા અને રોહિતની ધરપકડ કરવામાં આવી, જેમના પર ઇલેક્ટ્રોનિક સંચાર દ્વારા ભાવનાઓને દુભાવવાનો આરોપ હતો.

આ ધરપકડોએ રાષ્ટ્રીય સ્તરે હોબાળો મચાવ્યો હતો. નાગરિક સમાજ, પત્રકારો અને ડિજિટલ અધિકારોના હિમાયતીઓએ અસંમતિને દબાવવા માટે કાયદાના સ્પષ્ટ દુરુપયોગ તરીકે આ પગલાની ટીકા કરી હતી. અનન્યાની કૉલેજના વિદ્યાર્થીઓએ "ફ્રી સ્પીચ ઈઝ નોટ એ ક્રાઈમ ઈઝ નોટ" જેવા સૂત્રો સાથે પ્લેકાર્ડ લઈને શાંતિપૂર્ણ વિરોધ કર્યો.

૨૦૧૩ માં, કલમ ૬૬-એ ના ગેરવપરાશના અનેક હાઈ-પ્રોફાઇલ કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા, જેમાં રાજકીય મેમે બનાવનારા યુવા ઉદ્યમશીલ વ્યક્તિની ધરપકડ અને જાહેર મંચ પર વ્યંગાત્મક સામગ્રી શેર કરનારા પત્રકારની ધરપકડનો સમાવેશ થાય છે. આ કિસ્સાઓએ બતાવ્યું કે આ કાયદાનું દુરુપયોગ મતભેદોને દબાવવા માટે થઈ રહ્યું છે, જે લોકોમાં વ્યાપક અસંતુષ્ટિ ઊભી કરી.

આ વધતા દુરુપયોગને જોઈને, સંજના ત્રિપાઠી, એક બંધારણીય વકીલ અને ડિજિટલ અધિકારની કાર્યકર, જાન્યુઆરી ૨૦૧૪ માં સુપ્રિમ કોર્ટમાં જાહેર હિતની અરજી (PIL) દાખલ કરી. અરજીમાં કલમ ૬૬-એની બંધારણીય માન્યતા પડકારવામાં આવી, દલીલ કરવામાં આવી કે આ કલમ નીચે દર્શાવેલાં અધિકારોનો ભંગ કરે છે:

- કલમ ૧૪: સમાનતાનો અધિકાર, કારણ કે આ અનુચ્છેદ અભિવ્યક્તિના માધ્યમ તરીકે ઇન્ટરનેટનો ઉપયોગ કરનારાઓ સાથે ભેદભાવ કરે છે.
- કલમ ૧૯(૧)(અ): ભાષણ અને અભિવ્યક્તિ સ્વાતંત્ર્યનો અધિકાર.
- કલમ ૨૧: જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાનો અધિકાર, કારણ કે આ અનુચ્છેદમાં વપરાયેલા અસ્પસ્ટ શબ્દો મનસ્વી ધરપકડને મંજૂરી આપે છે.

કેન્દ્ર સરકારે કલમ ૬૬-એ નું મજબૂત બચાવ કર્યું, દલીલ કરી કે આ કલમ જાહેર શાંતિ જાળવવા, સાઈબરબુલિંગ, હેટ સ્પીચ પર અંકુશ લાવવા અને ખોટી માહિતીના પ્રસારણને રોકવા માટે આવશ્યક હતી. સરકારે દલીલ કરી કે ઇન્ટરનેટના માધ્યમમાં વિવિધ પડકારો છે, જેના માટે આવા કડક પગલાં લેવા જરૂરી બને છે.

૨૦૧૪ ના અંત સુધી કલમ ૬૬-એ વિરુદ્ધ દેશભરમાં વિરોધ વધુ તીવ્ર થઈ ગયો. યુનિવર્સિટીઓ, નાગરિક અધિકાર સંગઠનો અને કાનૂની સંસ્થાઓ દ્વારા આ કલમની બંધારણીય માન્યતાને પડકારતા સેમિનારો અને ચર્ચાઓ યોજાઈ. જાણીતા કાનૂની નિષ્ણાતોએ દલીલ કરી કે આ કલમમાં વપરાયેલી અસ્પષ્ટ અને વ્યાપક ભાષા તેના ગેરવપરાશને વધુ સુલભ બનાવે છે, જ્યારે ડિજિટલ અધિકારના સમર્થકોએ તેના ફ્રી સ્પીચ પર પડતાં અંકુશને ધ્યાનમાં લીધા.

આ દરમિયાન, એનજીઓ દ્વારા બહાર પાડવામાં આવેલા આંકડાઓએ બતાવ્યું કે કલમ ૬૬-એ  હેઠળની ધરપકડો ખાસ કરીને યુવા વિદ્યાર્થીઓ, કાર્યકરો અને પત્રકારોને નિશાન બનાવી રહી છે, જેનાથી વધુ આક્રોશ ઉપસ્થિત થયો. સોશિયલ મીડિયા પર #Repeal66A અને #FreeSpeechMatters જેવા અભિયાનથી કલમ રદ કરવાની માંગને વધારવામાં આવી.

**Moot Problem-2**

વાદીએ તેના પતિ જેરામભાઈ ગણેશભાઈ મારૂના અવસાન બાદ આ દાવાવાળી જમીન પોતાના ખાતે કરવા સબ-રજિસ્ટ્રારમાં રેવેન્યૂ મ્યુટેશન એન્ટ્રી નં. ૧૫૯૨ દ્વારા વારસાઈ રીતે દાવો જમીનના કબજેદાર બન્યા છે. તેણી એકલ વિધવા છે અને તેણીને કોઈ બાળક ન હોય, તેણીએ તેણીના મૃત્યુ પછી તેણીનું નામ જીવંત રાખવાના હેતુથી, તેણીએ માતાફિયા- હજીરા ખાતે આવેલા સિકોતર માતા મંદિર ટ્રસ્ટને દાવાવાળી જમીન દાનમાં આપવાનું નક્કી કર્યું હતું અને તેણીએ પ્રતિવાદીને ઈચ્છા દર્શાવી હતી, જેઓ મંદિરના પ્રભારી છે, અને છેલ્લા ૧૫ વર્ષથી મંદિરને દાવાવાળી જમીન દાનમાં આપી છે. મંદિરના પટાંગણમાં દાવાવાળી જમીન આવેલી છે, ધર્મશાળા અને સ્ટેજનું આરસીસી બાંધકામ પણ દાવાવાળી જમીનમાં કરવામાં આવ્યું છે અને પ્રતિવાદી દ્વારા દાવાવાળી જમીનના વેચાણ ખતની અમલવારી કરવામાં આવી હોવાનું તેણીની જાણમાં આવ્યું હતું, જ્યારે ગ્રામજનો અને ભક્તો તા.૨૪.૧૦.૨૦૧૨ના રોજ દશેરાના તહેવાર નિમિત્તે એકઠા થયા હતા અને એકબીજા સાથે ઝઘડો કર્યો હતો. તેથી તેણીએ વેચાણ દસ્તાવેજ રદ કરવા માટે આવો દાવો દાખલ કર્યો છે.

વેચાણ-ખત નીચેના કારણોસર ભૂલભરેલું અને ખામીયુક્ત છે;

(૧) દાવાવાળી જમીન હજીરાના શિપયાર્ડ માટે આરક્ષિત કરવામાં આવી છે અને જો તે શિપયાર્ડ માટે અનામત હોય તો કોઈ જમીન ટ્રાન્સફર કરવામાં આવી નથી.

(૨) આખી જમીન શરૂઆતમાં સિંકોતર માતાના નામે હતી અને દાવો જમીન તેમના પતિ સ્વ.જેરામભાઈ ગણેશભાઈ દ્વારા ટેનન્સી એક્ટ હેઠળ ભાડૂત તરીકે મળી હતી અને તેણે તે સિંકોતર માતાના મંદિરના ઉપયોગ માટે પણ રાખવાની હતી, જેથી પ્રતિવાદીએ દાવાની જમીનમાં કોઈ હક્ક મેળવેલ નથી.

(3) ઉપરાંત, વાદીએ પ્રતિવાદીને દાવાની જમીન મંદિરને દાનમાં આપવાની ઇચ્છા વ્યક્ત કરી હતી, પ્રતિવાદીએ જણાવ્યું હતું કે તે મંદિર માટે કામ કરે છે એમ પણ જણાવ્યું હતું કે મંદિરના કમ્પાઉન્ડમાં દાવાવાળી જમીનનો સમાવેશ કરવામાં આવ્યો હતો અને ધર્મશાળા અને સ્ટેજનું બાંધકામ ભક્તોના ફાળામાંથી થયું હતું. આ રીતે પ્રતિવાદીએ ખોટા નિવેદનો દ્વારા તેણીનો વિશ્વાસ સંપાદિત કર્યો અને આવા વેચાણખતને અંજામ આપેલ.

(૪) પ્રતિવાદી દ્વારા આવા વેચાણ ખતનો અવેજ વાદીને ચૂકવવામાં આવ્યો નથી. વાદીને કોઈ વારસદાર નથી અને જમીન સિંકોતર માતાને સોંપવાની છે અને તે માટેની કાર્યવાહીના ભાગરૂપે, પ્રતિવાદીએ ઘણા કાગળો પર અંગુઠા લગાવ્યા હતા જે રજૂ કરવામાં આવ્યા હતા અને તેણે ગેરમાર્ગે દોર્યા હતા અને વાદીની અજ્ઞાનતાનો લાભ લીધો હતો.

(૫) રજી.માં. વાદીની તારીખ ૨૨.૦૫.૧૯૯૫ના વિલ નંબર ૫૮૪૦ નો ઉલ્લેખ કરતું વેચાણ ખત, પરંતુ વેચાણ અને વિલનો એકબીજા સાથે કોઈ સંબંધ નથી અને બંને અલગ અલગ વસ્તુઓ છે. આ હોવા છતાં, વિલ કાયદાની વિરુદ્ધ વેચાણ ખતમાં મૂકવામાં આવે છે. તેમજ પ્રતિવાદી દ્વારા કહેવાતા વેચાણ ખત દ્વારા આવા વિલને રદ કરવામાં આવેલ છે.

(૬) વાદી માટે નવી શરતની જમીનને જૂની શરતમાં રૂપાંતરિત કરવા માટે કોઈ પ્રશ્ન ઉભો થયો ન હતો. ઉપરોક્ત હકીકતો હોવા છતાં, પ્રતિવાદીએ પહેલાથી જ તબક્કાવાર જમીન પચાવી પાડવાની યોજના બનાવીને વેચાણ દસ્તાવેજ સુરતના સબ-રજિસ્ટ્રારની કચેરીના ચોપડા નં. ૧, ક્રમ નં. ૧૨૭૦, તા.૦૪.૦૨.૧૯૯૯માં નોંધાવેલ છે.

ગામમાં બે જૂથ છે, એક જૂથ સરપંચના સમર્થનમાં છે અને બીજુ જૂથ વિરોધમાં છે. બંને એકબીજા સામે કાદવ ઉછાળે છે અને તેઓ નૈતિકતા, ધર્મ, માનવ સામાજિક સંબંધોની બિલકુલ પરવા કરતા નથી. એક જૂથ કોઈ પણ બાબતનું સૂચન કરે છે, બીજા જૂથે તેનો વિરોધ કર્યો છે. દાવાવાળી જમીન માતાજીને દાનમાં આપવામાં આવી હતી, પરંતુ પ્રતિવાદીએ તેણીના વિશ્વાસ અને અજ્ઞાનનો લાભ લઈ તેની તરફેણમાં બનાવટી ખત બનાવ્યો અને આવા વેચાણ ખત અંગે બંને જૂથો એકબીજાની વિરુદ્ધ પણ હતા.

૧. પ્રતિવાદી સામે કાયમી મનાઈહુકમનો મુસદ્દો તૈયાર કરો.

૨. કેસોના ચુકાદાઓ સાથે પ્રતિવાદીઓની તરફેણમાં અદ્યતન દલીલો લખો.

**Moot Problem-3**

તા. ૦૧/૦૮/૨૦૨૪ ના રોજ બાતમીદારે માલવિયા પોલીસ સ્ટેશનમાં રિપોર્ટ નોંધાવ્યો કે ૧૩:૪૦ કલાકે તેને પી.આઇ શ્રી પી.જે.સાવલીયાએ જણાવ્યું કે મેઈન કંટ્રોલ રૂમમાંથી મેસેજ આવ્યો હતો. એવી માહિતી મળી હતી કે ફોન કરનારે તેના પ્રેમી મિત્રની રૂમ નં. ૧૫૬, પ્રજ્ઞા હોટલ, ડૉ. યાજ્ઞિક રોડ, રાજકોટમાં હત્યા કરી હતી. ઉપરોક્ત સંદેશ મળ્યા પછી, ૧૩:૫૦ કલાકે બાતમીદારે ઘટના સ્થળની મુલાકાત લીધી. તેઓએ જોયું કે રૂમમાં એક વ્યક્તિ ઉભો હતો. એક મહિલા દિવાલ પર ફ્લોર રેલિંગ પર બેઠી હતી, તેના વાળ વિખરાયેલા હતા, ગરદન તેની છાતી પર દબાયેલ હતી. રૂમમાં ઉભેલા વ્યક્તિએ પોતાનું નામ ચિરાગ શર્મા જણાવેલ , રહે. અંબિકા ટાઉનશીપ, નાના માવા મેઈન રોડ, રાજકોટ હોવાનું જણાવ્યું હતું. તેઓએ ભોંય પર બેઠેલી મહિલાને જગાડવાનો પ્રયાસ કર્યો, પરંતુ તે ખસી નહીં. ચિરાગ શર્માએ માહિતી આપી હતી કે આ મહિલાનું નામ શ્રીમતી પ્રીતિ વર્મા છે જે રહે. ૩૦૨ ક્રિષ્ણા એપાર્ટમેન્ટ, રૈયા રોડ, રાજકોટ ખાતે રહે છે અને તે તેની મિત્ર હતી. વધુમાં ચિરાગ શર્માએ જણાવ્યું કે બપોરે ૧૨.૩૦ વાગ્યાથી ૦૧:૦૦ ધંધામાં અને અન્ય પુરૂષો સાથેના તેના ગેરકાયદેસર સંબંધોના કારણે તેમની વચ્ચે ઝઘડો થયો હતો. આ ઝઘડામાં ચિરાગે પ્રીતિનું ગળું દબાવીને તેની ઓઢણીથી હત્યા કરી હતી. ત્યાર બાદ ચિરાગે તેના મોબાઈલ નંબર ૯૭૭૮૪૫૨૨૩૯ પરથી ૧૦૦ નંબર ડાયલ કરી હકીકત જણાવી હતી. સ્થળ પંચનામા કરવામાં આવ્યા હતા. શ્રીમતી. પ્રીતિ વર્માને મેડિકલ તપાસ માટે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં મોકલવામાં આવી અને ૧૪:૪૫ કલાકે સિવિલ હોસ્પિટલના તબીબે તેણીને મૃત જાહેર કરી હતી. પોલીસે ચિરાગ શર્માને કસ્ટડીમાં લીધો હતો. યોગ્ય તપાસ બાદ આરોપી સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી.

ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ ૧૦૩ હેઠળ સજાપાત્ર ગુના માટે આરોપી સામે કાર્યવાહી આવી હતી.

મુદ્દાઓ:

૧. શું ફરિયાદપક્ષ સાબિત કરે છે કે ૦૧/૦૮/૨૦૨૪ ના રોજ લગભગ ૧૩:૦૦ કલાકે રૂમ નં. ૧૫૬, પ્રજ્ઞા હોટેલ, શ્રીમતી. પ્રીતિ વર્માનું હત્યાથી મૃત્યુ થયું હતું ?

૨. શું ફરિયાદપક્ષ સાબિત કરે છે કે ઉપરોક્ત તારીખ, સમય અને સ્થળ પર આરોપીએ જાણી જોઈને પ્રીતિ વર્માનું મૃત્યુ કરાવ્યું હતું અને તે રીતે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ ૧૦૩ હેઠળ સજાપાત્ર ગુનો કર્યો હતો ?

# Facts of the Case

**(English Version)**

## Moot Problem-1

In November 2012, during a bandh called to mourn a political leader's death, Ananya Sharma, a 20-year-old journalism student at the prestigious National College of Media Studies, Mumbai, posted the following on her social media profile:

*"Why paralyze the city for someone's death? Honor the leader by continuing his work, not disrupting lives."*

The post quickly went viral, garnering both widespread support and vehement backlash. Rohit Kumar, her fellow student and a member of the university debate team, liked and shared the post on his account.

Following complaints from political supporters who alleged that the post was disrespectful and offensive, the local police registered an FIR. Both Ananya and Rohit were arrested under Section 66A of the Information Technology Act, 2000, for allegedly hurting sentiments and causing annoyance through electronic communication.

The arrests triggered a national outcry. Civil society, journalists, and digital rights advocates criticized the move as a blatant misuse of law to stifle dissent. Students from their college staged a peaceful protest, holding placards with slogans like "Free Speech is Not a Crime!"

In 2013, several high-profile incidents involving Section 66A came to light, including the arrest of a young entrepreneur for creating a political meme and a journalist for sharing satirical content on a public platform. These cases highlighted concerns that the law was being weaponized to silence dissent, leading to widespread public discontent.

Observing the escalating misuse, Advocate Sanjana Tripathi, a constitutional lawyer and digital rights activist, filed a Public Interest Litigation (PIL) in the Supreme Court of India in January 2014. The PIL challenged the constitutional validity of Section 66A, arguing that it violated:

- Article 14: The right to equality, as the section discriminated against those using the internet as a medium of expression.
- Article 19(1)(a): The right to free speech and expression.
- Article 21: The right to life and personal liberty, as vague terms in the section allowed arbitrary arrests.

The Union Government staunchly defended Section 66A, claiming that the provision was essential for maintaining public order, addressing cyberbullying, curbing hate speech, and preventing the spread of misinformation. The government contended that the internet, as a medium, had unique challenges that necessitated such stringent measures.

By late 2014, protests against Section 66A intensified across the nation. Universities, civil rights organizations, and legal think tanks held seminars and debates questioning the constitutionality of the provision. Renowned legal experts opined that the vague and overbroad language of the section enabled its misuse, while digital rights advocates underscored its chilling effect on free speech.

Meanwhile, data released by NGOs revealed that arrests under Section 66A disproportionately targeted young students, activists, and journalists, sparking further outrage. Social media platforms were flooded with campaigns like #Repeal66A and #FreeSpeechMatters, amplifying the demand for the section's repeal.

**Moot Problem-2**

Plaintiff is occupier and Possessioner of suit land by way of inheritance vide mutation entry no.1592, on the demised of her husband Jerambhai Ganeshbhai Patel. She is single widowed and has no any child issue and with the intention of keeping her name alive after her death, she was decided to donate suit land to the Sikotar Mata temple Trust which is situated at Matafiya- Hajira and her willing expressed to defendant, who is in charge of the temple, and donated suit land to the temple since last 15 years. Suit land is located in the temple compound, the Dharamshala and RCC construction of the stage has also been done in suit land and It had been came to her knowledge that the sale deed of Suit land has been executed by the defendant, when villagers and the devotees were gathered on the occasion of Dussehra festival on dated 24-10-2012 and quarreled with each others. So she is filed such suit for cancellation of the sale deed.

The sale- deed is erroneous and defective for the following reasons:

(1) Suit land has been reserved for Hazira's Shipyard and no any land has been transferred, if it is reserved for shipyard.

(2) The entire land was initially in the name of Sikotar Mata and suit land was received by her husband late Jerambhai Ganeshbhai as a Tenant under Tenancy Act and he was also to keep it for utilisation of Sikotar Mata Temple, so defendant have not acquired any right in suit land.

(3) Also, the plaintiff expressed his wish to the defendant to donate suit land to the temple, the defendant told that he is working for temple also said that suit land was included in the compound of temple and construction of Dharamshala and stage were from the contribution of the devotees. By this way defendant is acquiring trust of her by false statements and executed such deed.

(4) Consideration of such sale deed was not paid to plaintiff. Plaintiff has no heir and the land is to be handed over to Sikotar Mata and as part of the proceedings for the same, the defendant had thumbed several papers which were be produced and has misled and taken advantage of the ignorance of the plaintiff.

(5) In the Reg. Sale deed mentioning the Will no.5840, dated 22/05/1995 of plaintiff, but the sale and the Will have no relation to each other and both are different things. In spite this; the Will is placed in the Sale deed against the Law. Also such will has been cancelled by the defendant himself by the so-called sale deed.

(6) There was no any question arose for the plaintiff to convert the new tenure land to old tenure. Despite the above facts, the defendant has already planned to usurp the land in stage wise and has prepared a sale document which is registered in book no.1 of the office of the sub-registrar of Surat, vide Sr. no.1380, Dt.03-02-1999.

There are two groups in the village, one group is support to Sarpanch and the other is oppose. Both of them throw mud against each other and they do not care about morality, religion, human social relations at all. One group has suggest any thing, another group is objected it. Suit land was donated to Mataji, but defendant was take advantage of her trust & ignorance and executed forged deed in his favour and both group also against to each other about such sale deed.

1. Draft a Permanent Injunction against the defendents.

2. Write an Advanced arguments in favour of the defendents.

**Moot Problem-3**

On 01/08/2024 the informant lodged a report with Malaviya Police Station that at 13:40 hours he was informed by P.I. Mr. P.J Savaliya that a message had been received from Main Control Room. It was informed that the Caller had murdered his lover/friend in Room No.156, Pragna Hotel, Dr.Yagnik Road, Rajkot. After receiving the said message, at 13:50 hours the informant visited the spot of the incident. They found one person was standing in the said room. One lady was sitting on the floor railing at wall, her hair was disheveled, neck was pressed at her chest. The person standing in the room disclosed his name as Chirag Sharma, resident of Ambika Township, Nana Mava Main Road, Rajkot. They tried to wake up the woman sitting on the floor, but she did not move. Chirag Sharma informed that the name of the said lady was Smt. Priti verma, residing at 302 Krishna Appartments, Raiya Road, Rajkot and she was his friend. Further, Chirag Sharma told that from 12:30 p.m. to 01:00 p.m. a quarrel had taken place between them on account of business and her illicit relations with other men. In the said quarrel Chirag killed Priti by strangling her neck with her Odhani. Thereafter, Chirag dialed 100 number from his mobile No.9778452239 and informed the said fact. Spot panchanama was drawn. Smt. Priti Verma sent to Civil hospital, Rajkot for medical examination. At 14:45 hours Doctor of Civil Hospital declared her dead. Police took Chirag Sharma in custody. Upon due investigation chargesheet was filed against the accused.

The accused stands prosecuted for offence punishable under section 103 of The Bharatiya Nyaya Sanhita Act, 2023.

**Issues**:

1. Whether the prosecution proves that on 01/08/2024 at about 13:00 hours at Room No.156, Pragna Hotel, Smt. Priti verma died of homicidal death?
2. Whether the prosecution proves that on the aforesaid date, time and place the accused intentionally or knowingly caused the death of Priti Verma and thereby committed an offence punishable under section 103 of The Bharatiya Nyaya Sanhita Act, 2023?

# ON THE LETTER HEAD OF ADVOCATE

## CERTIFICATE OF INTERNSHIP

This is to certify that Mr./ Miss/ Mrs. ______________________________, student of Bachelor of Law (LL.B.) Semester-6 in (Name of the College). He/ She has completed his/ her Internship for the Training of the Court Observance and writing the Proceedings of Trial in two Cases and Interviewing techniques and Pre-Trail Preparations of legal cases as the training program specified by The Bar Council of India under my guidance.

Place:

Date: ______________________________

Name and Signature of Advocate
With Stamp and Sanad Number

 **A.M.P (Govt.) Law College** 

# Rajkot

T.Y. LL.B – SEMESTER: ____

Practical Paper No._____



**નામ :**.............................................................................

**રોલ નં.** .............                                        **સીટ નં.**...................

**પ્રેક્ટીકલ પેપરનું નામ :** ....................................................

..........................................................................................

# A.M.P (Govt.) Law College

# Rajkot

T.Y. LL.B – SEMESTER :____

Practical Paper No._____

**નામ :**...............................................................................

**રોલ નં.** .............                                   **સીટ નં.**...................

પ્રેક્ટીકલ પેપરનું નામ ........................................................

...............................................................................

**કુલ ગુણ :**.....................

**મેળવેલ ગુણ :**................

– : ઈકરાર :–

હું............................................................. નીચે સહી કરનાર ટી. વાય. એલ એલ.બી ના સેમેસ્ટર – ............ ના વિદ્યાર્થી, આથી ઈકરાર કરૂ છું કે, આ ફાઈલમાં લખેલી તમામ વિગતો મૌલિક અને મારા સ્વ–હસ્તાક્ષરમાં લખેલ છે.

રાજકોટ

તા.                                              ............................

વિદ્યાર્થીની સહી